ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૦૭ કરોડની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત. વર્ષ ૨૦૨૬-૨૭

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-**SJED/MIS/e-file/17/2026/1251/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા. **As per -Sign**

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2025/2372/A-1**

(૨) સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૫/૦૫/૨૬નો પત્ર ક્રમાંક: **DDCW/AG/e-file/225/2026/1342/CHH-Branch-Board Corporation**

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે કુલ રૂ.૪.૨૮ કરોડની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સયુંકત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધા ક્રમાંક (૨) પરના તા.૦૫/૦૫/૨૦૨૬ના પત્રથી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૪.૨૮ કરોડની વહીવટી ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૦૭ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૬-૨૭માં ફાળવવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૪.૨૮ કરોડની વહીવટી ગ્રાન્ટમાથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૦૭ કરોડ (અંકે રૂપિયા એક કરોડ સાત લાખ પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર મારફત ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકેલ ગ્રાન્ટની રકમ પૈકી જેટલી ગ્રાન્ટ નિગમ પાસે વણવપરાયેલ રહેલ હોય તેને **PD-PLA** અકાઉન્ટમાં જમા/તબદિલ કરવાની રહેશે.

૨) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને

આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) સને ૨૦૨૬-૨૭ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૫) જે હેતુ માટે જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૬) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૭) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટની માંગણી કરતા પહેલાં આ ઠરાવથી છૂટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૮) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર: ૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય નીચે મુજબ, પેટા સદર: ૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭માં કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશુતોષ દેવડા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (ક શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સેકશન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ)
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૬

Signature Not Verified

Signed by:A L Devada
Under Secretary
Date:2026.06.18
15:45:06 +5:30